# સારી અને સસ્તી સારવાર સિવિલ હોસ્પીટલમાં જ મળે

આપણાં બધાના મનમાં એક માન્યતા છે કે, સારવાર લેવા માટે સિવિલ હોસ્પિટલમાં ના જવાય? પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી નહીં, સદંતર ખોટી પણ છે. જે આ લેખ વાંચ્યા પછી તમે માનતા થઈ જશો. વાત એમ બની કે, મારા એક સગાંને પ્રોસ્ટેટની બીમારી થઈ. સારવાર માટે અમદાવાદની નામાંકિત અને મોટી ગણાતી પ્રાઈવેટ હોસ્પિટલમાં ગયા. ડોક્ટરે સલાહ આપી કે સૌ પ્રથમ રિપોર્ટ કરાવીએ. બે દિવસ પછી બાયોપ્સી કરાવવા દર્દી દાખલ થયા. દિવસના પાંચ કલાક જેટલું હોસ્પિટલમાં રોકાયા. બાયોપ્સીનું બિલ આવ્યું રુપિયા 28000. બીજા બે દિવસમાં એમ.આર.આઈ. અને સ્કેન અને અન્ય રિપોર્ટનું બિલ આવ્યું 17000 રૂપિયા. ડોક્ટરે જણાવ્યુ કે, પ્રોસ્ટેટનું ઓપરેશન કરવાનો ખર્ચ થશે અઢી લાખ રૂપિયા. હા, દર્દી પાસે મેડિકલનો વીમો હતો. છ્તાં દર્દીએ બે-ત્રણ મિત્રોની સલાહ લીધી. મિત્રોએ સલાહ આપી કે, સારવાર માટે સિવિલ હોસ્પિટલ જેવી સારી અને સસ્તી અન્ય કોઈ હોસ્પિટલ નથી જ. અંતે સિવિલમાં જ દાખલ થયા. આ લેખક પણ તેમની સારવાર દરમિયાન તેમની સાથે જ હતા. જેથી થયેલા અનુભવ અહી જણાવું છું, જેથી આપણા મનમાં રહેલી સિવિલ હોસ્પિટલ વિશેની માન્યતા કેટલી સાચી કે ખોટી છે તે નક્કી કરી શકાશે.

દુનિયાની સૌથી મોટી હોસ્પીટલની વાત કરીએ તો પ્રથમ ક્રમે તાઓયુઆન, તાઇવાનની ચેંગ ગુંગ મેમોરિયલ હોસ્પિટલ 10,000 બેડ ધરાવતી હોસ્પિટલ છે. જેમાં દર વર્ષે 11 લાખ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. બીજા નંબરે સિચુઆન યુનિવર્સિટીની વેસ્ટ ચાઇના મેડિકલ સેન્ટર, 4300 બેડ. ત્રીજા નંબરે આફ્રિકાના જાહોનિસબર્ગમાં આવેલી ક્રિસ હની બર્ગવંઠ હોસ્પિટલ 6760 નો સ્ટાફ , 3400 બેડ , 173 એકર, વાર્ષિક, 6.5 લાખ જેટલા દર્દીઓ. ચોથા નંબરે યુરોપમાં સર્બિયામાં આવેલ સર્બીના ક્લિનિકલ સેન્ટર - વર્ષના 30000 ઓપરેશન , 3150 બેડ , 7500 સ્ટાફ , વર્ષમાં દસ લાખ દર્દીઓની સારવાર, જેમથી 50000 સર્જરી, જેમાં 7000 જેટલા બાળકોનો જન્મ. ચોથા ક્રમે અમદાવાદ સિવિલ હોસ્પિટલ જે ભારતની સૌથી જૂની અને સૌથી પ્રગતિશીલ હોસ્પિટલમાંની એક છે. કેમ્પસ 110 એકર અને 44 વૉર્ડ્સ 3700 પથારી ધરાવે છે. જેમાં આવતા બે-ત્રણ માસમાં – જાન્યુ.-ફેબ્રુઆરીમાં 6000 થી વધુ થશે. ત્યારબાદના સમયમાં 7500 સુધીની ક્ષમતા કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે. જ્યારે 7500 પથરીની ક્ષમતા ધરાવતા થઈશું ત્યારે દુનિયામાં બીજા નંબરે આવી જઈશું. પણ સરકાર દ્વારા ચાલતી હોય તેમાં તો નબર એક જ રહીશું. દુનિયાની બીજી મોટી હોસ્પિટલ સરકારી નથી, કોર્પોરેટ છે. એશિયામાં સૌથી મોટી સરકારી હોસ્પિટલ આપણી સિવિલ છે, જે વાર્ષિક આશરે 15 લાખ દર્દીઓને સારવાર આપે છે. નાની-મોટી થઈને 4 લાખથી વધુ સર્જરી કરે છે દરરોજની 1000 થી વધુ થઈ ! અને વાર્ષિક 7500થી વધુ સ્ત્રીઓની ડિલિવરી થાય છે. આ ઉપરાંત અમેરિકના ફ્લોરિડામાં માયામીની જેક્સન મેમોરિયલ હોસ્પિટલ – વર્ષે 70000 દર્દીઓની સારવાર – 2000 બેડ. ઓસ્ટ્રેલિયાની રોયલ મેલબર્ન હોસ્પિટલ –

વર્ષે 85000 દર્દીઓ. બ્રાઝિલની સાઓ પાઉલોમાં આવેલ હોસ્પિટલ 2200 બેડ ધરાવે છે. . જે લેટિન અમેરિકની સૌથી મોટી હોસ્પિટલ છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દરરોજ વિવિધ રોગ ધરાવતા ચાર હજાર કરતાં વધુ દર્દી આવે છે. રિપોર્ટ કરાવવા સિવિલ હોસ્પિટલ બહાર ક્યાંય જવાની જરૂર નહીં. એટલું જ નહીં રિપોર્ટનો ચાર્જ ખૂબ જ ઓછો. તેમાં પણ સિવિલ હોસ્પિટલમાં સરકારી વિવિધ યોજનાઓ જેવી કે, મુખ્યમંત્રી અમૃતમ યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, ધ સ્માઇલ ટ્રેઇન પ્રોજેકટનો લાભ લેનારને ખર્ચમાં ખૂબ જ રાહત મળે છે. ખર્ચની વાત કરીએ તો બહારની પ્રાઈવેટ હોસ્પિટલ કરતાં ખૂબ જ નજીવો ખર્ચ આવે. મોટાભાગની દવા સિવિલ હોસ્પિટલમાંથી મફત કે ખૂબ જ સસ્તા ભાવે મળે, અરે, દવા સિવાય ખાવાપીવાનું ખૂબ જ સસ્તું અને ઘર જેવુ. કેંટિનમાં જાવ અથવા તો તમારા રૂમ પર પણ મંગાવી શકો છો.

સારવારની વાત કરીએ તો કોર્પોરેટહોસ્પિટલ કરતાં પણ વધુ અનુભવી ડોકટર, વધુ અદ્યતન મશીનરી અને લેટેસ્ટ ટેક્નોલૉજી સાથે સંપૂર્ણ સેવાભાવથી કામ કરતા કર્મચારીઓ દ્વારા સારવાર મળે. બીજી બાજુ મોટાભાગની કોર્પોરેટ મોટી હોસ્પીટલમાં તમામ સ્ટાફ ખૂબ જ ઓછો અનુભવ ધરાવતો અને પૂરતો ક્વોલિફાઇડ નથી હોતો. જેથી તેમને સસ્તું પડે અને કમાણી કરી શકે. સિવિલ હોસ્પિટલમાં તમામ સ્ટાફ માત્ર અનુભવી જ નહીં ક્વોલિફાઇડ જ હોય. તો જ સરકારે ભરતી કરી હોય.

નવાઈ લાગે તેવો એક કિસ્સો. મારા સગાંનું ઓપરેશન ચાલુ હતું. ઓપરેશન થિયેટરમાંથી એક ડોક્ટર બહાર આવ્યા અને અમને લોહીનો નમૂનો આપીને કહ્યું કે, હાઇટેક લેબોરેટરીમાં જઈ ટેસ્ટ કરાવી આવો. અમે લેબમાં પહોંચ્યા. લોહીનો નમૂનો આપ્યો. લેબમાંથી માત્ર 25-30 સેકન્ડમાં અમારા હાથમાં રિપોર્ટ મૂકી દીધો. અને તે પણ કોઈ ચાર્જ લીધા સિવાય. મફત. હા, મફત અને 30 સેકન્ડમાં જ. છે આવી કોઈ હોસ્પિટલ ? હવે તો માન્યતા બદલીશુ ને કે સિવિલમાં સારવાર માટે ના જવાય. આટલું જ નહીં અન્ય કોઈ મોટી પ્રાઈવેટ હોસ્પીટલમાં જાવ તો ચોક્કસ ઓપરેશન માટે તમને કેટલાક દિવસ પછીની તારીખ આપે. જ્યારે સિવિલ હોસ્પિટલમાં ગમે ત્યારે આવો. સારવાર ચાલુ! પ્રાઈવેટ હોસ્પીટલમાં જે ખર્ચ 2-3 લાખ થાય તે સિવિલમાં ચાર-પાંચ હજારમાં પતી જાય. એમાં પણ કોઈ યોજનાનો લાભ લો તો તદન મફત. અગાઉ વાત કરેલ કે, પ્રાઈવેટ હોસ્પીટલમાં બાયોપ્સીનો ખર્ચ 28000 રૂપિયા આવેલો, જ્યારે સિવિલમાં તે ખર્ચ 2650 રૂપિયા આવ્યો ! સિવિલમાં સ્પેસિયલ રૂમનો ચાર્જ માત્ર એક હજાર રૂપિયા છે. આ રૂમમાં હોટલમાં અપાતી સગવડ કરતાં વધુ સગવડ મળે છે. આવી રૂમ પ્રાઈવેટ હોસ્પીટલમાં 5000 રૂપિયા આપો તો પણ ના જ મળે. વિચારો ખર્ચ બાબતમાં. હા, એટલું ચોક્કસ કે સિવિલમાં દરરોજ 4000 થી વધુ દર્દીઓ અને 4700 જેટલો તમામ પ્રકારનો સ્ટાફ આવે છે, જેથી તમે જ્યાં જશો ત્યાં લાઇન હશે જ. સમય વધુ જશે, કદાચ તમને કંટાળો પણ આવે. પણ એટલી બાબત સ્વીકારી લો તો સારવાર સારી મળશે અને સસ્તી મળશે. અહી કોઈપણ જાતના ભેદભાવ વગર બધા માટે સારવાર સમાન પ્રકારે થાય છે. માટે જ અમદાવાદ સિવિલ હોસ્પિટલને વિવિધ

પ્રકારના અનેક એવોર્ડ્સ મળેલા છે. જેમકે, 2013 માં ભારતમાં બેસ્ટ હોસ્પિટલ વિથ કોલેજનો, 2014માં બ્લડ બેન્ક ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ સરકારી બેસ્ટ પ્રોજેકટ માટે, ઉપરાંત તે જ વર્ષે બેસ્ટ મલ્ટી સ્પેસિયાલિટી હોસ્પિટલ માટે, 2015માં ભારતમાં હોસ્પિટલમાં સ્માર્ટ ટેક્નોલોજીના ઉપયોગ માટે. જેની સુવાસને કારણે ભારતના અન્ય રાજયોના અને પ્રદેશથી પણ દર્દીઓ અમદાવાદ સિવિલમાં આવે છે. એક દર્દી ગાંઠની ગંભીર બીમારીથી પીડાતો હતો. તેનું ઓપરેશન કરવાની જયપુરની એક હોસ્પિટલે અને દિલ્હીની એઇમ્સે ના પાડી દીધી હતી. ત્યારે તે ઓપરેશન આમદવાદની સિવિલમાં સફળતાપૂર્વક કર્યું હતું.

સિવિલ હોસ્પિટલમાં જોવા મળતા ભીડભાડ ભર્યા દ્રશ્યો પ્રાઈવેટમાં જોવા નહીં મળે. કારણ કે, સિવિલમાં દર્દી સાથે આવતાં સગાં જ ભીડ કરે છે. આ માટે દર્દીના સગા સમજે અને સિવિલના મેનેજમેન્ટે કડક બનવું જોઈએ. આમ કરવામાં આવે તો 30 થી 40 ટકા લોકો ઓછા થઈ જશે. ભીડના દર્શન થશે જ નહીં. ઉપરાંત સરકાર સિવિલ હોસ્પિટલને હજુ વધુ વિસ્તારી રહી ત્યારે, સૂચન કરવાની ઇચ્છા થાય કે, એ બાબત સારી છે, પણ અમદાવાદમા પચ્ચીમમાં શોલા ખાતે નવી સિવિલ શરૂ કરી તેમ અમદાવાદમા પૂર્વ વિસ્તારમાં પણ શરૂ કરવી જોઈએ. તે જ રીતે અન્ય શહેરો માટે પણ વિચારવું જોઈએ.

અહી સિવિલમાં ઇન્ટર્નશીપ માટે આવતા વિદ્યાર્થીઓને જોઈને લાગ્યું કે, ડોક્ટર બનવા માટે ઇન્ટર્નશીપ કરવા સિવિલ જેવુ ઉત્તમ સ્થળ કોઈ જ નહોઈ શકે. કારણ કે, અહી વિવિધ પ્રકારના રોગો, સ્વભાવ, પરિસ્થિતી, ધર્મ, જ્ઞાતિ ધરાવનાર દર્દીઓ આવે. જેથી અનુભવ અને જ્ઞાન બંને સારું મળે.

સિવિલ હોસ્પિટલનું ખાતમૂહુર્ત 24-12-1855 ના રોજ ઘી કાંટા વિસ્તારમાં હઠીસિંહ ના વિધવા હરકુંવર શેઠાણી, નગરશેઠ પ્રેમાભાઇ તથા સર્જન ડો. ડી. વાયલીના દાનથી થયેલ . તથા 1-1-1859 થી શરૂ થયેલ. આ હોસ્પિટલનું 1953મા અસારવા ખાતે વિરાટ પરિસરમાં સ્થળાંતર કરવામાં આવ્યું. અંતે, સૌ નાગરિકોને સલાહ કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલની વેબસાઇટ પર જઈને 'નાગરિક અધિકાર પત્ર' વાંચે. તો આપને ચોક્કસ ખ્યાલ આવશે કે આ હોસ્પિટલ તમારા માટે શું કરવા માંગે છે.